પત્રિકા ૧૪૫

# ચિરાગે હિદાયત

૦૯/૦૨/૧૮
૨૨ જ.અવ્વલ

## અય્યામે ફાતેમા(સ.અ.)

* હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ ફરમાવ્યું કે

"જે કોઈ અમારા ઉપર થયેલ ઝુલ્મથી માહિતગાર ન હોય, અમારા હકકો છીનવાઈ જવાની વાત જાણતો ન હોય, અમારી સાથે ઉમ્મતના વ્યવહારથી જાણકાર ન હોય તે ઝુલ્મ કરનારાઓ સાથે તેઓનો ભાગીદાર છે."

*(એકાબુલ આમાલ, પેજ નં. ૨૦૮, બેહારૂલ અન્વાર, ભાગ-૨૭, પેજ નં. ૫૫)*

આ હદીસમાં ઈમામ(અ.સ.) આપણને તે વાત તરફ ધ્યાન દોરી રહ્યા છે કે દરેક તે વ્યક્તિ કે જે એહલેબૈત(અ.મુ.સ.) બાર ઈમામો(અ.મુ.સ.)ને માનતા હોય તેનાં ઉપર એ જવાબદારી છે કે તે જાણે કે એહલેબૈત(અ.મુ.સ.) ઉપર શું ઝુલ્મ થયા? કયા કયા હકકોને છીનવી લેવામાં આવ્યા અને તેમની સાથે કેવો વ્યવહાર કરવામાં આવ્યો? નહિતર આપણો શુમાર પણ તેમના ઉપર ઝુલ્મ કરવાવાળાઓમાં થશે.

વફાતે હઝરત રસૂલ(સ.અ.વ.) બાદ ઉમ્મતે તેમની આલ(અ.મુ.સ.) ઉપર ઝુલ્મો આચરવાનો સિલસિલો શરૂ કર્યો, થવું તો એમ જોઈતું હતું કે લોકો આવે અને જનાબે ઝહેરા(સ.અ.)ને તેમના પિતાનો પુરસો આપે, દિલાસો આપે, પણ હઝરત રસૂલ (સ.અ.વ.)ના કહેવાતા સહાબીઓ હઝરત રસૂલ(સ.અ.વ.)ની બાદ ખિલાફતની નિમણુંક કરવામાં મશગુલ થઈ ગયા, જયારે કે આ કામ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ પોતાની હયાતીમાં ગદીરે ખુમના મેદાનમાં કરી દીધું હતું, પોતાના ખલીફા અને જાનશીન તરીકે હઝરત અલી(અ.સ.)ની નિમણુંક સવા લાખના મજમામાં કરી દીધી હતી. જેને ઉમ્મતે ભુલાવી દીધી. હઝરત રસૂલ(સ.અ.વ.)એ બનાવેલ વસી અને જાનશીનને ખિલાફત ન આપી. ઉમ્મતે રસૂલ(સ.અ.વ.)ની નાફરમાની તો કરી પણ હઝરત અલી(અ.સ.)નો હક પણ ગસ્બ કર્યો.

મુસલમાનોએ જયારે હઝરત રસૂલ(સ.અ.વ.)ની બારગાહમાં જઈને સવાલ કર્યો ''યા રસૂલલ્લાહ(સ.અ.વ.) આપે દીને ઈસ્લામને ફેલાવવા માટે ખૂબ જ મુશ્કેલીઓ વેઠી છે અને મોટી–મોટી કુરબાનીઓ આપી છે, આપ અમારાથી અજે રીસાલત લઈ લો.'' તે સમયે અલ્લાહ તરફથી વહી નાઝીલ થઈ.

**''કુલ્લા અસ્અલોકુમ અલય્હે અજરન ઈલ્લલ મવદ્દત ફીલ કુરબા''**

*(સૂરએ શૂરા, આ. ૨૩)*

**તરજુમો :**

**''તું કહે કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઈ મહેનતાણું માંગતો નથી, પરંતુ મારા નિકટના સગાવગાલાંઓનો પ્રેમ;''**

હઝરત રસૂલ(સ.અ.વ.)એ ઉમ્મત પાસે પોતાના કરાબતદારોની મવદ્દત માંગી પણ ઈતિહાસ ગવાહ છે અને કિતાબો ભરી પડી છે કે આ જ ઉમ્મતે રસૂલ(સ.અ.વ.)ની દિકરીને મવદ્દત તો નહીં પણ રસૂલ(સ.અ.વ.) તેમની હયાતીમાં તેમની દિકરીને જે તોહફો આપીને ગયા હતા, તે પણ તેમનાથી છીનવી લીધો. એટલું જ નહીં જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.) ઉપર એવા ઝુલ્મ કર્યા કે તેમની વફાતના ૭૫/૯૫ દિવસોમાંજ તેમની આ દુનિયાથી રહેલત થઈ ગઈ.

બાગે ફીદક મદીનાથી ઉત્તર દિશા તરફ લગભગ ૧૪૦ કી.મી.ના અંતરે આવેલ એક નાનુ ગામ હતું અને આ બાગની વાર્ષિક આવક બાબતે ઈતિહાસકારો એ ૨૪,૦૦૦ સોનાના સિક્કાથી ૭૦,૦૦૦ સોનાના સિક્કા લખ્યા છે અને આ બાગે ફીદક હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની પોતાની મિલકત હતી. જયારે સૂરએ બની ઈસરાઈલની ૨૬ મી આયત નાઝીલ થઈ. ''વ આતે ઝલકુરબા હકકહુ વલ મિસ્કીન વબ્નસ્સબીલે.'' એટલે કે ''અને તું નજીકના (સગાવ્હાલા)ઓને, નિરાધારો તથા મુસાફરોને તેમનો હક આપી દે.''

ત્યારે બંને જહાનના સરદાર હઝરત મોહમ્મદ(સ.અ.વ.)એ ખાતુને જન્નત જનાબે ફાતેમા(સ.અ.)ને બોલાવ્યા અને ફીદકની જાગીર ઈનાયત ફરમાવી (અર્પણ કરી). ત્યારથી ફીદક ઉપર બીબી ફાતેમા(સ.અ.)નો કબજો હતો.

આ બાબત શિયા અને સુન્ની બંને હદીસ વેતાઓએ પોતાની કિતાબોમાં નોંધી છે. *(કન્ઝુલ ઉમ્માલ / મુસ્નદે એહમદે હમ્બલ / શર્હે નહજુલ બલાગાહ)*

* *હઝરત ખિઝર(અ.સ.)ની રિવાયતઃ*

કિતાબ 'નુઝહતુલ કિરામ'માં લખેલું છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (ર.અ.) કહે છે હું એક દિવસ મજલિસમાં ગયો તેમાં મોટા મોટા અસ્હાબ અને બીજા લોકો ભેગા મળીને કોઈ બાબતે સલાહ-મશ્વેરો કરી રહ્યા હતા અને દરવાજા પર એક ગુલામને બેસાડેલો હતો જેથી કોઈ રજા સિવાય અંદર આવે નહિ. પછી હું સાહેબની (હ.અબુબક્રની) રજા માંગી અંદર ગયો. અમે અંદરો-અંદર વાતો કરતા હતા, એટલામાં એક ઘરડો શખ્સ આવ્યો અને અમને સલામ કરી. સાહેબે એને બેસાડીને પૂછ્યું કે, ''અય શેખ! તમને અહીંયા કેમ આવવું પડયું?''

તે શેખે કહ્યું કે જ્યારે હજના માટે મારા વતનથી નીકળ્યો ત્યારે મારા પાડોસમાં રહેતી એક બુઢ્ઢી ઔરતે આપને (ખલીફાને) એમ કહેવડાવ્યું છે કે 'હું મારા વાલિદના ઘરમાં મોટી થઈ, મારા વાલિદ મારો ખર્ચ પુરો કરતા હતા, મને ફરઝંદ થયા ત્યારે મારા વાલિદે મને એક ખેતર બક્ષિશ આપ્યું, એનું અનાજ તેમ બીજી ઉપજથી જે આવક થતી હતી, તે આવક મારા બાળ-બચ્ચાઓના ખર્ચમાં વાપરતી હતી. મારા વાલિદની વફાત બાદ પણ એની આવક મને જ મળતી હતી અને હું મારા બચ્ચાઓનું પાલનપોષણ કરતી હતી.

હવે અમારા શહેરના આમીલે (આજના સમયમાં કલેક્ટરે) તે ખેતરને મારાથી

છિનવી અને તેની આવકને પોતે જ વાપરે છે, અમને એક રાતી પાઈ પણ તેમાંથી આપતો નથી તેથી તમારા પાસે ફરિયાદ કરીએ છીએ કે તમો તમારા તે આમીલને લખો કે ઝુલ્મથી દૂર રહે, હું બચ્ચાવાળી છું એના સિવાય મારી પાસે (ગુજરાનનું) બીજું કંઈ સાધન નથી.'

આ પછી તે શેખે કહ્યું, ''અય લોકો! તે ડોસી ગરીબ બચ્ચાવાળી છે તેનો સંદેશો હતો તે મેં પહોંચાડ્યો. હવે ન્યાય કરવો તમારા હાથમાં છે.''

સાહેબે કહ્યું, 'તે ઝાલીમ માટે કંઈ એહતેરામ નથી, તેનો હુકમ ન માનશો!' પછી એમ નક્કી કર્યું કે તે આમીલને તે શહેરથી બદલી કરીને બીજાને મોકલીએ જેથી તે ઝાલીમની ફજેતી થાય અને વૃધ્ધાનો હક તેને પાછો મળે.

જનાબે ઈબ્ને અબ્બાસ(ર.અ.) કહે છે કે તે શેખ આ મુજબ કહેતા ઉઠ્યા કે ''ખુદા તઆલાના ગુસ્સાથી પનાહ માંગીએ છીએ તે લોકો ઉપર કે જે લોકો બીજાને ગુનેહગાર ગણાવે છે અને પોતે તે જ ગુનાહનું કામ કરે.' એટલું કહીને તે શેખ ગાયબ થઈ ગયા. તે શેખ હઝરત ખીઝર(અ.સ.) હતા.

*(શેખ અબ્દુલહુસેનની મજલીસે આશુરીયાહ, પા ૩૧,*
*છઠ્ઠી મજલીસ, ૧૩૨૫ હિ. પ્રકાશિત)*

અઝીઝો! અગર કોઈ શખ્સ ફકત જનાબે ફાતેમા(સ.અ.)ના ઉપર થયેલા મઝાલીમો (ઝુલ્મો) ઉપર થોડો પણ વિચાર વિમર્શ કરે તો તે તેને સાચા મઝહબની પ્રેરણા આપશે.

આવો! આપણે અલ્લાહને આ બીબીનો વાસ્તો આપીએ કે અલ્લાહ તઆલા ઈમામે ઝમાનાના ઝહુરમાં જલ્દી કરે અને બીબીની શફાઅત નસીબ કરે. (ઈ.આમીન)


પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com